ગુજરાત યુનિવર્સિટીનું મુખપત્ર

# વિદ્યાવૃત્ત

**વર્ષ : ૧, અંક : ૧૧**
**ડિસેમ્બર : ૨૦૦૬**

**મુખ્ય સંપાદક :**
ડૉ. રાજસી ક્લાર્ક

**સંપાદક મંડળ :**
ડૉ. કીર્તિદા શાહ, ડૉ. એચ. સી. સરદાર, માલતી મહેતા

**મુદ્રક અને પ્રકાશક :**
ડૉ. અરવિંદ ભાંડારી, *કુલસચિવ*

**સંયોજક :**
શ્રી કે. ડી. વોરા, *પ્રકાશન અધિકારી*

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | કુલપતિશ્રીની કલમે | ૨ |
| ૩. | ભવનોની ગતિવિધિ | ૩ |
| ૪. | અધ્યાપક આલમ | ૬ |
| ૫. | કૉલેજ કોર્નર | ૭ |
| ૬. | કેમ્પસ ન્યૂઝ | ૧૧ |
| ૭. | ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટર | ૧૨ |
| ૮. | અહેવાલ | ૧૩ |
| | Study Abroad... | ટાઇટલ-૨ |
| | Special Courses for NRLs | ટાઇટલ-૩ |


❁

Opinions expressed in the articles are those of the contributors and do not necessarily reflect the policies of the University.

# સંપાદકીય

ડિસેમ્બર માસની ગુલાબી ઠંડીમાં ભવનો તથા કોલેજોમાં વિવિધ દિવસોની ઉજવણીની મોસમ ચાલી રહી છે. વિદ્યાર્થીઓની શક્તિઓ ખીલે, તેમને પોતાની શક્તિઓ પ્રદર્શિત કરવાની તક મળે તથા તેમનામાં સંઘભાવનાનો વિકાસ થાય તેવી ઉજવણીઓને આપણે સૌ આવકારીએ. સાથે સાથે અન્યની માનહાનિ થાય કે ગરિમાભંગ થાય, તેવા પ્રકારના વર્તનને ઉત્તેજક ઉજવણી કરતાં તેઓને પ્રેમપૂર્વક સમજાવટથી રોકીએ, તેવી અધ્યાપકો તરીકે આપણી ફરજ છે. વિદ્યાર્થીઓ પણ તેમના શિક્ષકોની મર્યાદા રાખે અને એક સમજણનો સેતુ જળવાયેલો રહે, તે સમાજના વ્યાપક હિતમાં છે.

૨૩ નવેમ્બર, ૨૦૦૬ના રોજ યુનિવર્સિટી દ્વારા ૫૮મા સ્થાપના દિનની સેનેટ હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ઉજવણી થઈ. યુનિવર્સિટીના વહીવટી તથા શૈક્ષણિક - તમામ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને વાતાવરણને જીવંત બનાવી દીધું. યુનિવર્સિટીનું કેમ્પસ પણ નવી હરિયાળી ધારણ કરી રહ્યું છે. ગુજરાતની સૌથી મોટી એવી આપણી ગુજરાત યુનિવર્સિટી નેશનલ એક્રેડીટેશનના કપરાં ચઢાણો સફળતાથી સર કરવા સજ્જ થઈ રહી છે અને ભવનો - અધ્યાપકો - વિદ્યાર્થીઓના ભાવિ શૈક્ષણિક વિકાસનો પાયો દૃઢ બનાવવા સૌએ કમર કસી છે. આ તમામ ગતિવિધિઓમાં કુલપતિશ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદીના ગતિશીલ નેતૃત્વથી ઉત્સાહનું વાતાવરણ ઉભુ થઈ ગયું છે. આશા રાખીએ કે સૌના સાથ, સહકાર અને સતત પ્રયાસો દ્વારા નૅકની કસોટીમાં આપણે ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી શકીએ. ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ શ્રી જ્હૉન એફ. કેનેડીએ કહ્યું છે કે "There are costs and risks to a program of action, but they are for less than the long range risks and costs of comfortable inaction."

નાતાલનો પવિત્ર તહેવાર સૌ માટે શાંતિ અને પ્રેમનો સંદેશ લઈને આવી ગયો છે. ભાઈચારો તથા વિશ્વબંધુત્વની ભાવનાને સુદૃઢ બનાવવાના સંકલ્પ સાથે આ તહેવારની ઉજવણીને વિશિષ્ટ બનાવીએ.

**રાજસી ક્લાર્ક**

## કુલપતિશ્રીની કલમે...



આપણી ગુજરાત યુનિવર્સિટી તેની સ્થાપનાના ૫૭ વર્ષ પૂર્ણ કરી ગૌરવભેર ૫૮માં વર્ષમાં પ્રવેશી ચૂકી છે. ગુજરાતની સૌથી મોટી આ યુનિવર્સિટીએ સમાજના તમામ ક્ષેત્રોમાં નેતૃત્વ લઈ શકે તેવા બુદ્ધિજીવીઓ તથા કર્મશીલો આપ્યા છે. આ ગૌરવવંતા ભૂતકાળને જ્વલંત ભવિષ્યમાં બદલવાનું કાર્ય આપણુ સૌનું છે. યુનિવર્સિટી રાષ્ટ્રીય કક્ષાએ NAACના પરીક્ષણમાં સર્વોચ્ચ દરજ્જો મેળવે, તેવી મારી આકાંક્ષા છે. તમે સૌ અનુભવી રહ્યા છો તેમ NAAC માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પરંતુ આ એક કે બે વ્યક્તિઓની જવાબદારી ન હોઈ શકે. સમગ્ર અધ્યાપકવર્ગ તથા અન્ય તમામ કર્મચારીઓએ આ અભિયાનમાં પૂરા વિશ્વાસ અને ખંતથી જોડાવુ પડે.

યુનિવર્સિટી પોતાની સાથે સંલગ્ન કૉલેજોને પણ જોડવા ઇચ્છે છે અને એટલે જ યુનિવર્સિટીએ કૉલેજોના આચાર્યો/સંયોજકોનો NAAC અંગે વર્કશૉપ કર્યો જેને ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે. સૌ કૉલેજો પણ આ પ્રક્રિયામાં જોડાશે અને ગુજરાત યુનિવર્સિટી સમગ્ર રીતે NAACની પ્રક્રિયામાં અગ્રેસર થશે એવી શ્રદ્ધા છે.

સૌ સત્તામંડળોના સભ્યો, અધ્યાપકગણ તથા વહીવટી કર્મચારીઓ જો એક થઈને પ્રયાસ કરીશું તો સફળતા આપણી જ હશે, તેમાં કોઈ શંકા નથી.

વૈશ્વિક શિક્ષણજગતમાં ગુજરાત યુનિવર્સિટીએ ડગ ભર્યા છે, તેનો મને આનંદ છે. તાજેતરમાં જ મેનેજમેન્ટના શિક્ષણક્ષેત્રે યુ.કે.ની બર્મિંગહામ યુનિવર્સિટી સાથે થયેલ કરાર એક સીમાચિહ્ન બની રહેશે. હજુ આપણી મંઝિલ ઘણી દૂર છે, પણ તે તરફના પ્રયાણની શરૂઆત થઈ ગઈ છે. 'વિદ્યાવૃત્ત' પરિવાર મારા તમામ ઉપક્રમોમાં મારી સાથે છે, તેનો મને આનંદ છે.

**- ડૉ. પરિમલ ત્રિવેદી**

*પુસ્તક સ્વત: શિક્ષાગુરૂ છે અને પુસ્તકાલય એ મહાશાળા છે. શાળામાં માણસ જ્ઞાન લેવાનું સાધનમાત્ર મેળવે છે પણ પુસ્તકાલયમાં જઈને તો તે ખુદ જ્ઞાન મેળવે છે. એક સારુ પુસ્તકાલય અનેક શિક્ષકોની ગરજ સારે છે. શિક્ષકની જેમ તે વિદ્યાર્થીઓને ધમકાવતું નથી, પરાણે શિસ્ત પળાવતું નથી, સ્પર્ધામાં ઉતારતું નથી, પરીક્ષાનો ભય પેદા કરતું નથી. તે પ્રેમથી, રસથી શીખવે છે. દરેક શાળામાં પુસ્તકાલય હોવું જોઈએ અને જેમ બને તેમ વધુ સમય વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં છૂટા મૂકવા જોઈએ. જ્ઞાન સાથે વ્યવસ્થા, શાંતિ, સભ્યતા, વિનય અને સ્વયંશિસ્ત જેવા ગુણો પણ પુસ્તકાલય શીખવે છે.*

**- ગિજુભાઈ બધેકા**

# ભવનોની ગતિવિધિ

## B. K. School of Business Management

B. K. School of Business Management has a history of excellence not just in academics but also in cultural activities. In continuance with the legacy of the previous batches, this year also witnessed active participation of students in many events of the Gujarat University Youth Festival hosted by Lokmanya College of Commerce.

Tushar, Prakriti and Amrit, the students' coordinators of Youth Festival, worked under the guidance of Prof. J. M. Bhatt and ensured active participation by students. For days the campus was abuzz with activities of the youth festival after the college hours. Prof. J. M. Bhatt directed the students on many fronts and provided the much needed support and assistance. The events in which students participated were as follows :

I. Fine Arts : Cartooning & Painting
II. Dramatics : Mimicry, Mime & Skit
III. Literary : Poetry Recitation, Verse Completion, Extempore, Debate, Elocution & Quiz
IV. Music : Western Group Song, Western Vocal (Solo), Light Vocal (Solo) & Classical Instrumental (Non Percussion)

**Prize winning entries of Zonal Round :**

- Quiz : Ritesh Agarwal, Tushar Patel & Prakriti Naswa
- Elocution : Akruti Gudhka
- Classical Instrumental (Non-Percussion) : Baiju Shah
- Verse Completion : Deval Patel

The winners qualified for the inter-zonal round of the youth festival which was hosted by J. G. College of Commerce on 8, 9 and 10th October.

**Prize winning entries of Inter Zonal Round :**


- Quiz : First Prize; Ritesh Agarwal, Tushar Patel & Prakriti Naswa
- Elocution : Third Prize; Akruti Gudhka

(Dr. Sarla Achuthan)

❑

## સંસ્કૃત-દિન મહોત્સવ

ભાષાસાહિત્યભવનના સંસ્કૃત-વિભાગ દ્વારા તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના દિવસે "સંસ્કૃત-દિન મહોત્સવ"ની ઉજવણી કરી હતી. તેમાં M.A. I & II તથા M. Phil. ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ પ્રસંગે ડૉ. કમલેશ ચોકસીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ બે સંસ્કૃત નાટકોની ભજવણી કરી : (૧) ભગવદ્ અજ્જુકીય અને (૨) દૂત



ઘટોત્કચ તથા સંસ્કૃતનાં સ્તોત્રોનું ગાન, ગરબા, દશાવતાર સ્તુતિ, પૂજન નૃત્ય અને શાસ્ત્રાર્થ સભા વગેરેનું આયોજન પણ તેમાં થયું હતું. વિભાગની બે અધ્યાપિકાબહેનો -ડૉ. સુનંદાબેન શાસ્ત્રી અને હેતલબેન પંડ્યાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી ઉત્સાહિત કર્યા અને તૈયાર પણ કર્યા, જેથી પ્રસંગ શોભી ઊઠ્યો. આ સમયે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદીએ આવીને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યાં હતાં.

**(ડૉ. વી. એમ. ભટ્ટ)**

## ગુજરાતી વિભાગ

તા. ૧ ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ 'ઈન હેરીટન્સ ઑફ લોસ' બુકર પ્રાઈઝ વિજેતા કિરણ દેસાઈ કૃત કૃતિ પર ગુજરાતી વિભાગમાં અંગ્રેજી વિભાગના વડા ડૉ. રંજના હરીશનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનથી પ્રસન્નતા અનુભવી.

**(ડૉ. કીર્તિદા શાહ)**

## હિન્દી વિભાગ દ્વારા યોજાયેલ વ્યાખ્યાન

તા. ૨-૯-૨૦૦૬ને શનિવારે બપોરે ભાષા-સાહિત્ય ભવનનાં હિન્દી વિભાગ દ્વારા "સાહિત્ય સાથે વર્તાવ" વિષય પર દિલ્હી સ્થિત જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીનાં પ્રાધ્યાપક ડૉ. પુરુષોત્તમ અગ્રવાલનાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની અધ્યક્ષતા ભાષા-સાહિત્ય ભવનનાં ડાયરેક્ટર ડૉ. વસંતભાઈ ભટ્ટે કરી હતી.

ડૉ. પુરુષોત્તમ અગ્રવાલે પોતાના વ્યાખ્યાનમાં સાહિત્ય અને સેંસરશીપ, સાહિત્ય અને સંસ્કૃતિ સાથે આપણો વર્તાવ, લોકશાહીનાં આદર્શો, માનવીય મૂલ્યો, સમતાવાદી સમાજ

તરફ આસ્થા, બાળ કેળવણી જેવા મુદ્દાઓને મહાત્મા ગાંધી અને ભર્તૃહરિની દૃષ્ટિએ આજનાં સંદર્ભમાં સુંદર રીતે વણી લીધા હતા.

આ વ્યાખ્યાન સાંભળવા હિન્દી વિભાગનાં અને ભાષા-સાહિત્ય ભવનનાં બીજા વિભાગોનાં અધ્યાપકો સહિત અમદાવાદની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં વિદ્વાનો હાજર રહ્યા હતા.

**રફીક અછવા**

(એમ.એ., II હિન્દી)

❑

## શિક્ષણ વિભાગ

## સ્વાગત સમારોહ



**ઉપર્યુક્ત ફોટામાં ડાબેથી બેઠેલાઓમાં ડૉ. આર. એસ. પટેલ, ડૉ. વાય. એસ. શાસ્ત્રી અને ડૉ. કૌશિકભાઈ મહેતા નજરે પડે છે.**

તા. ૯-૧૧-૨૦૦૬

શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના પ્રારંભમાં દ્વિતીય સત્રના શુભારંભે વિદ્યાર્થી આવકાર અને વિભાગના નવોદિત વડા તેમજ ડીન શ્રી ડૉ. આર. એસ. પટેલ સાહેબને આવકારનો એક કાર્યક્રમ શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા યોજવામાં આવેલ હતો. જેમાં તત્ત્વજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાન ભવનના વડા ડૉ. વાય. એસ. શાસ્ત્રી સાહેબે વિદ્યાર્થીઓને આવકાર અને શુભેચ્છા પાઠવી. અતિથિવિશેષ પદેથી ડૉ. કૌશિકભાઈ મહેતાએ મૂલ્યશિક્ષણ અને સંસ્કૃતિ વચ્ચેના સમન્વય માટે આહ્‌વાન કર્યું હતું. ડૉ. મહેતાએ સંસ્કૃતિ, સંસ્કાર અને શિક્ષણના ત્રિવેણી સંગમને જીવનમાં આત્મસાત્ કરવાની અને તેને અનુરૂપ જીવનઘડતરની પ્રેરણા પૂરી પાડી હતી. શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા તરીકે તેમજ શિક્ષણશાસ્ત્ર ફેકલ્ટીના ડીન તરીકેનો હોદ્દો ગ્રહણ કરનાર ડૉ. આર. એસ. પટેલે શિક્ષણ વિદ્યા શાખામાં વિવિધ પ્રકારે ઈનોવેશનની જરૂરિયાત અને તેમાં વિદ્યાર્થીઓની ભૂમિકા વિશે વિશદ્ ચર્ચા કરી, વિદ્યાર્થીઓ અને વિભાગના અધ્યાપકોને પ્રોત્સાહિત કર્યા હતા.

શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યાપકોએ ડૉ. આર. એસ.પટેલનું અભિવાદન કરી આવકાર આપ્યો હતો. આ પ્રસંગે વિવિધ કૉલેજોના આચાર્યશ્રીઓ અને અધ્યાપકોએ પણ હાજરી આપી હતી.

❑

## શૈક્ષણિક સંશોધનનું માર્ગદર્શન

### રાજ્ય કક્ષાનો સેમિનાર - એક અહેવાલ




**મા. કુલપતિશ્રી પરિમલભાઈ ત્રિવેદી, પ્રો. આર. એસ. પટેલ, ડૉ. દુષ્યંત શુક્લ, મા. કુલપતિશ્રી ડૉ. રમેશ કોઠારી, (દક્ષિણ ગુજરાત યુનિ., સુરત) પ્રો. વાય. એસ. શાસ્ત્રી, પ્રો. આર. ડી. મૂળિયા**

શિક્ષણ વિદ્યાશાખાનો વિકાસ તેના સંશોધનોની ગુણવત્તા ઉપર આધારિત છે. સંશોધનોની ગુણવત્તા માર્ગદર્શક અધ્યાપકોનાં અધીન અને સજ્જતા ઉપર અવલંબે છે. ગુજરાતના શિક્ષણશાસ્ત્રમાં પીએચ.ડી.ના માર્ગદર્શકો સ્વ-સજ્જતામાં અભિવૃદ્ધિ કરવા તત્પર હોય છે. જેના ભાગરૂપે રાજ્યકક્ષાનો તૃતીય સેમિનાર તા. ૯ થી ૧૧ ઑક્ટોબર, ૨૦૦૬ દરમિયાન શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ સેમિનાર અંતર્ગત શૈક્ષણિક સંશોધનના માર્ગદર્શન અન્વયે માર્ગદર્શનના દૃષ્ટિકોણથી સંબંધિત સાહિત્યની સમીક્ષા વિશે વિચારવિમર્શ કરવામાં આવ્યો. વિશેષત: સંબંધિત સાહિત્યની સમીક્ષાના વિવિધ ૧૮ પાસાંઓ વિશે વિચાર કરવામાં આવ્યો. જેમાં,

(૧) સમીક્ષા માટે સંબંધિત સાહિત્યના સ્ત્રોતોની શોધ

(૨) સંદર્ભોના ઉલ્લેખ (Citation) તથા સંદર્ભોની સૂચિ (List of references) માટે APA શૈલીના કેટલાક મુખ્ય નિયમો

(૩) સમીક્ષાની યોગ્યતાનાં ધોરણો અથવા મૂલકો (Standards or Criteria)

(૪) સંબંધિત સાહિત્યની સમીક્ષાના માર્ગદર્શન શી રીતે આપીશું ?

(૫) સંબંધિત સાહિત્યની સમીક્ષાનું અહેવાલનું લેખન (પીએચ.ડી.ના મહાનિબંધનું એક પ્રકરણનું લેખન)

(૬) સમીક્ષાના વિવિધ સોપાનોમાં અને તબક્કાઓમાં સંભવિત ભૂલો અને વર્તમાન ભારતીય શૈક્ષણિક સંશોધનોની સમીક્ષાઓની મર્યાદાઓ

(૭) અધિ-વિશ્લેષણ (Meta-Analysis) : સંબંધિત સાહિત્યની સમીક્ષાની એક નૂતન પદ્ધતિ

(૮) સંબંધિત સાહિત્યની સમીક્ષાનાં સોપાનો

(૯) સંબંધિત સાહિત્યની સંયોજનાત્મક સમીક્ષા (Integrative Review) : સમીક્ષાની એક અધ્યતન પદ્ધતિ

(૧૦) સંબંધિત સાહિત્યના પ્રાથમિક સ્ત્રોતોનું મૂલ્યાંકન

(૧૧) સંબંધિત સાહિત્યની સમીક્ષા માટે સૂચિઓ (Indexes) અને સૂચિકરણ (Indexing)ની પ્રક્રિયા

(૧૨) સમીક્ષા માટે સંબંધિત સાહિત્યના પ્રાથમિક સ્ત્રોતોનું નોંધ-લેખન કે સારાંશ લેખન (Note - Taking or Abstracting)

(૧૩) સમીક્ષા માટે સંબંધિત સાહિત્યના પ્રાથમિક સ્ત્રોતોનું વાંચન

(૧૪) સમીક્ષા માટે સંબંધિત સાહિત્યના સ્ત્રોતોની કમ્પ્યુટર દ્વારા શોધ (Computer Search - ઈન્ટરનેટ સહિતની શોધ)

(૧૫) સંબંધિત સાહિત્યના પ્રાથમિક સ્ત્રોતોની માહિતીનું વિશ્લેષણ, સંશ્લેષણ, સાર અને ગોઠવણી (Analysis, Synthesis, Summarizing & Organization)

(૧૬) સંબંધિત સાહિત્યની પરંપરાગત કે વર્ણનાત્મક (Descripitve, Narrative) સમીક્ષાનાં ઉદાહરણો

(૧૭) સમીક્ષા માટે સંબંધિત સાહિત્યના સ્ત્રોતો

(૧૮) સંબંધિત સાહિત્યનો અર્થ, હેતુઓ, કાર્યો અને વ્યાપ (Scope)

જેવા પાસાંઓ અન્વયે વિવિધ સંશોધન પેપર રજૂ કરવામાં આવ્યા. અન્ય સહભાગીઓ દ્વારા પણ વિવિધ સંશોધન પેપરની રજૂઆત કરવામાં આવી. સમગ્ર ગુજરાતના શિક્ષણશાસ્ત્ર વિષયના પીએચ.ડી.ના માર્ગદર્શકમિત્રોએ સેમિનારમાં ભાગ લઈ કાર્યક્રમમાં વિવિધ પાસાંઓની વિગતવાર ચર્ચા કરી.

રાજ્યકક્ષાના તૃતીય સેમિનારનું આયોજન શૈક્ષણિક સંશોધનના માર્ગદર્શન ઍશોસિએશનના પ્રમુખ ડૉ. આર. એસ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કન્વીનર તરીકેની ભૂમિકા શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા ડૉ. આર. ડી. મૂળિયા સાહેબે સુપેરે નિભાવી હતી. સમારંભના ઉદ્‌ઘાટન સમારોહમાં નવો જોશ પૂરવા માનનીય શ્રી પરિમલભાઈ ત્રિવેદી સાહેબે (કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) શિક્ષણશાસ્ત્ર વિભાગના કાર્યને બિરદાવ્યું હતુ. ચાવીરૂપ વ્યાખ્યાનની રજૂઆત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. રમેશ કોઠારીએ કરી હતી અને મુખ્ય મહેમાન તરીકે ડૉ. દુષ્યંત શુક્લે હાજરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડા તેમજ અધ્યાપકશ્રીઓએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમને બનાવવા શિક્ષણશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ તેમજ અધ્યાપકોએ પૂરી જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલનમાં ડૉ. એ. જે. ભરવાડ અને ડૉ. એલ. જી. માલવ પ્રોફેસર આર. એસ. પટેલ, ડૉ. મનોજ શાસ્ત્રીની ભૂમિકાને વિવિધ યુનિવર્સિટીના પીએચ.ડી.ના માર્ગદર્શક મિત્રોએ બિરદાવી હતી.

આ કાર્યક્રમ માટે ગુજરાત યુનિવર્સિટીની અન-એસાઈન્ડ ગ્રાન્ટ તેમજ આકાશ મનોમાપન કેન્દ્ર તથા વિવિધ અધ્યાપકો દ્વારા આર્થિક સહાય મળી હતી, જેના થકી સમગ્ર કાર્યક્રમને સફળતા સાંપડી હતી.

**(પ્રા. આર. એસ. પટેલ)**


❑

*'તમારો સમય સીમિત છે - એટલે બીજા કોઈની મરજી મુજબ જીવવામાં તમારી જીંદગી નકામી ન વેડફશો. અન્યોના વિચારો તથા તેનાં પરિણામોના ગુલામ ન બનતા, તમારા અંતરાત્માના અવાજને સાંભળો. તેને આસપાસનાં કોલાહલમાં ઢંકાવા ન દેશો. તમારા હૃદયને અનુસરજો. તમારો અંતરાત્મા અને તમારુ હૃદય બરાબર જાણે છે કે તમારા જીવનનું ધ્યેય શું છે. બાકીની બધી વાતો ગૌણ બને છે.'*

(સ્ટીવ જોબ્સ - Apple computer Macintosh computer તથા ipodના સર્જક દ્વારા સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ખાતે આપેલા દીક્ષાન્ત પ્રવચનના કેટલાક અંશ)

# અધ્યાપક આલમ

## સમાજશાસ્ત્ર વિભાગ




આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા ખાતે પ્રો. ગૌરાંગ જાની

આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના CWDC દ્વારા પ્રો. ગૌરાંગ જાની (સમાજશાસ્ત્ર વિભાગ, ગુ.યુ.)ના વ્યાખ્યાનનું તા. ૧૦ જુલાઈ, ૨૦૦૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો વિષય 'વર્તમાન સમયમાં યુવતીઓ : પ્રશ્નો અને પડકારો' હતો. કૉલેજની બહેનોએ મોટી સંખ્યામાં આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

❑

## પ્રાકૃત વિભાગ

જમ્મુ ખાતે તા. ૧૨-૧૦-૦૬ થી તા. ૧૪-૧૦-૦૬ દરમિયાન યોજાયેલ ૪૩મી ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં ડૉ. સલોની જોષીએ પ્રાકૃત અને જૈન વિભાગમાં 'કંદપ્પ કંદલીકહા - અભ્યાસ' શોધપત્ર રજૂ કર્યો હતો.

❑

## ભાષાવિજ્ઞાન વિભાગ

કેન્દ્રીય ભાષા સંસ્થાન, માઇસોર (Central Institute of Indian Languages, Mysore) એમ. એસ. ઑફિસનું સોફ્ટવેર સાત પ્રાદેશિક ભાષામાં બનાવવાનું કાર્ય કરે છે. આ સાતમાંની એક ભાષા ગુજરાતી છે. ગુજરાતીના પારિભાષિક શબ્દોની પ્રમાણભૂતતા અને યોગ્યતા નક્કી કરવા માટે એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિર સૌરાષ્ટ્ર યુનિ.ના ભાષાસાહિત્ય ભવનના યજમાનપદે તા. ૧૮ થી ૨૨ નવેમ્બર દરમ્યાન રાજકોટ મુકામે યોજાઈ હતી. આ કાર્યશિબિર-"વેલિડેશન ઑફ સોફ્ટવેર-ગુજરાતી"-માં ગુજરાત યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. નીલોત્પલા ગાંધીએ ભાગ લીધો હતો.

❑

## ઇતિહાસ વિભાગ

સમાજવિદ્યા ભવનના ઇતિહાસ વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. વિજ્યા યાદવે ગુજરાત ઇતિહાસ પરિષદના ઉપક્રમે યોજાયેલ ૨૪માં અધિવેશન પ્રસંગે યોજાયેલી ઈનામી નિબંધ સ્પર્ધામાં શ્રી કિરીટકુમાર જે. દવે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

તેઓએ "ગુજરાતના કોઈ એક ધાર્મિક સંપ્રદાયનું સામાજિક ઉત્કર્ષમાં પ્રદાન" વિષય અંતર્ગત બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના સ્વામિનારાયણ સંપ્રદાયનાં સામાજિક ક્ષેત્રે પ્રદાન વિષયક નિબંધ પ્રસ્તુત કર્યો હતો.

❑

Celebrate what you have accomplished, but raise the bar a little higher each time you Succeed.

- Mia Hamm

પિતા : દીકરા, આજની પરીક્ષામાં પ્રશ્નો કેવા હતા ?
પુત્ર : પ્રશ્નો તો સહેલા હતા, જવાબો અઘરા હતા.

# કૉલેજ કોર્નર

## R. H. Patel Arts & Commerce College Nava Vadaj

### "INAGURATION OF RED RIBBON CLUB"

As a step towards community service and social awareness, a **RED RIBBON CLUB** was inaugurated at the RHPACC campus on the 21st Nov. 2006. Mr. Mukesh Mankad, PS to VC & Asst. Registrar along with Mr. Maheshbhai Trivedi, a reputed Blood- donor of the city (117 times) were the guests of the function. The club has been established with the noble aims of generating awareness among the students and consecutively, among the members of the society pertaining to the diseases like AIDS and Thallesemia. The club will also promote Blood-Donation among the students.

In his welcome address, Prin. Dr. Iyer emphasized upon the roles of youth in generating awareness in society. He explained to the students that only becoming aware about the blood-related diseases is not enough, but they should also spread the same in the general society. Mr. Mankad, a committed social worker, affiliated to Smruti Foundation and Rotary Club, gave the details of Thallesemia and the necessary steps to prevent it. Explaining the aims and the functions of the Red Ribbon Club, he gave an outline how the university wishes to create a ''Rainbow Club.'' He advised the students to go in for Thallesemia check-up at the earliest.

Mr. Maheshbhai Trivedi motivated the students to promote Blood- donation and also gave tips to students for healthy living. College NSS officer Mr. Hasmukh Patel assured that the club would work actively and will take up health awareness campaigns. The members of the club as well as other students benefited a lot by the worthy information provided by the speakers. Dr. Saurabh P. Patel, a young and dynamic trustee of the college presided over the function. Dr. B. J. Desai delivered the vote of thanks.

(Principal Dr. Iyer)

❑

## ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલય

### સાક્ષરદીપ કાર્યક્રમ
### એકદિવસીય કાર્યશાળા અહેવાલ

સાક્ષરદીપ કાર્યક્રમ એ સરકારશ્રી દ્વારા ત્રણ વર્ષથી ચલાવવામાં આવે છે. આ વર્ષે પણ સરકારશ્રીએ સાક્ષરદીપ કાર્યક્રમ દરેક જિલ્લામાં એક જ સમયે યોજાય તેમ જાહેર કર્યું હતું. ચાલુ વર્ષે સાક્ષરદીપ કાર્યક્રમ તા. ૧૩-૧૧-૦૬થી તા. ૨૬-૧૧-૦૬ સુધી યોજાય તેમ સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. તેથી પી.ટી.સી. અને બી.ઍડ્.ના તાલીમાર્થીઓને તેમને ફાળવેલા વિસ્તારમાં જઈ કઈ રીતે સાક્ષરદીપ કાર્યક્રમની કામગીરી કરવી, તે અંગેનું માર્ગદર્શન મળી રહે, તે હેતુસર ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલય તથા નાયબ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સાક્ષરદીપ કાર્યક્રમ એક દિવસીય કાર્યશાળાનું આયોજન તા. ૧૧-૧૧-૨૦૦૬ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં વિવિધ પી.ટી.સી., બી.ઍડ્., એન.એસ.એસ. તથા અન્ય કૉલેજના અધ્યાપકો તથા આચાર્યશ્રી હાજર રહ્યા હતા. લગભગ ૬૦ પ્રતિનિધિઓએ હાજરી આપીને કાર્યશાળામાં જોડાયા હતા.

આ કાર્યશાળાની શરૂઆત સવારે ૯-૦૦ વાગ્યે પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ સાક્ષરતાગીત તથા ગરબો પણ રજૂ કરવામાં આવ્યો હતો. ઈશ્વર-વંદના બાદ સાક્ષરદીપ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શ્રી પ્રમોદભાઈ જોષી (નિવૃત પ્રિન્સિપાલ, એચ.કે.કૉલેજ) અને ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા (નિયામક, પ્રૌઢશિક્ષણ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ)ના હસ્તે કરવામાં આવ્યું હતું. દીપપ્રાગટ્ય બાદ ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલયનાં આચાર્યશ્રી સોનલબેન પંડ્યાએ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું અને ચાણક્ય અધ્યાપન મંદિર વતી, શ્રી રમાબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી શ્રી એ. એન. પટેલ સાહેબે જિલ્લા સાક્ષરદીપ અંગેની માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ એ જે તે વિસ્તારમાં જઈને કઈ રીતે કામ કરવું તે અંગેની માહિતી આપી હતી તથા જે તે કૉલેજને ફાળવેલ ગામોની જાહેરાત કરી હતી. તેમણે આ પ્રકારનાં કાર્યક્રમનું આયોજન કરવા બદલ ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલયને અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ શ્રી પ્રમોદભાઈ જોષી કે જેમણે સાક્ષરદીપ કાર્યક્રમ મોડ્યૂલ તૈયાર કર્યું છે. તેઓએ મોડ્યુલ અંગેની સમજૂતી આપી હતી અને ખરા અર્થમાં સાક્ષરદીપ કાર્યક્રમ કેવી રીતે સફળ બનાવી શકાય તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. લક્ષ્મણભાઈ અવૈયાએ નિરંતર શિક્ષણ કાર્યક્રમ તથા પ્રૌઢશિક્ષણ કેન્દ્રની કામગીરી અંગેની માહિતી આપી હતી. ઉપરાંત પ્રૌઢ શિક્ષણ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સાક્ષરતા અંગેનું જે કામ થયું છે તેની એક ઝલક શાબ્દિક તથા સીડી દ્વારા પણ કરાવવામાં આવી હતી. શ્રી રમાબેન જોષીએ ગત વર્ષે ઈન્ટર્નશીપ દરમિયાન ચાણક્ય અધ્યાપન મંદિરની તાલીમાર્થિનીઓ દ્વારા કરવામાં આવેલ સાક્ષરદીપ કાર્યક્રમની ઝલક પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કરાવી હતી તથા ચાણક્ય અધ્યાપન મંદિરની વર્ષ દરમિયાનની

પ્રવૃત્તિઓથી પણ બધાને પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા હતા. પછીથી શ્રી વિભૂતિબેન (અધ્યાપક, ડાયેટ અમદાવાદ) દ્વારા અધ્યાપન મંદિરોમાં કરવામાં આવતી સાક્ષરદીપ કાર્યક્રમની વિગતવાર માહિતી આપી હતી તથા ચાણક્ય શિક્ષણ મહાવિદ્યાલયને કાર્યશાળા યોજવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા અને અવારનવાર આવા કાર્યક્રમ યોજે તેના પર ભાર મૂક્યો હતો. કાર્યશાળાની પૂર્ણાહુતિ પહેલા નિરંતર શિક્ષણાધિકારીશ્રી દ્વારા સાક્ષરદીપ કાર્યક્રમ માટેનાં સાહિત્ય (મોડ્યૂલ, સ્ટીકર, મૂલ્યાંકન પત્ર)નું કૉલેજ દીઠ વિતરણ કર્યું હતું અને અંતમાં પ્રાધ્યાપક દ્વિજલ પટેલે ઉપસ્થિત રહેનાર સર્વેનો તથા સંસ્થાના સ્ટાફમિત્રો અને તાલીમાર્થીઓનો આભાર માનીને કાર્યશાળાની પૂર્ણાહુતિ કરી હતી.

❑

## થેલેસીમિયા જાગૃતિ કાર્યક્રમો

ગુજરાત યુનિવર્સિટીના નેજા હેઠળ રોટરી ક્લબ ઑફ અમદાવાદ મેગાસીટી, સ્મૃતિ ફાઉન્ડેશન અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ બ્રાંચના સંયુક્ત ઉપક્રમે થેલેસીમિયા એવરનેસ, બ્લડ ડોનેશન પ્રમોશન અને રેડ રિબન ક્લબના સંદર્ભે નવેમ્બર માસ દરમિયાન માર્ગદર્શન વ્યાખ્યાન યોજવામાં આવેલ હતાં. તેમાં હાજર રહેલ સર્વે વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આચાર્યશ્રી સૌએ આ બાબતોના સંદર્ભે જરૂરી પ્રશ્નોત્તરી - પરિચર્ચા પણ કરી હતી. સર્વે કાર્યક્રમો દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના મદદનીશ કુલસચિવશ્રી મુકેશ માંકડે થેલેસીમિયાથી બાળકોને વેઠવી પડતી મુશ્કેલીઓ અને તેના કુટુમ્બમાં ઊભી થતી આર્થિક, સામાજિક અને માનસિક પરિસ્થિતિનું સવિસ્તાર વર્ણન કર્યું હતું અને રેડ રિબન ક્લબની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા. આ ઉપરાંત ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી - અમદાવાદ બ્રાંચના માનદ્ સેક્રેટરી શ્રી મહેશભાઈ ત્રિવેદીએ થેલેસીમિયા અને રેડ રિબન ક્લબ અંતર્ગત રક્તદાન પ્રવૃત્તિને વેગ આપવા સંદર્ભે રસપ્રદ માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે ઉપરોક્ત ત્રણેય સંસ્થાઓના ઉપક્રમે આ બાબતને લગતી વાંચન સામગ્રી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જે કૉલેજોમાં આ વ્યાખ્યાન યોજવામાં આવ્યા હતા, તેમાં આર.બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, બી.કે. મજમુદાર ઇન્સ્ટિ. ઑફ બિઝનેસ ઍડ્મિનીસ્ટ્રેશન (HLBBA), એકેડેમિક સ્ટાફ કૉલેજ (ઓરીએન્ટેશન પ્રોગ્રામ), શ્રી આર. એચ. પટેલ આર્ટસ-કૉમર્સ કૉલેજ, વાડજ, અમદાવાદ, આર્ટસ અને કૉમર્સ કૉલેજ, વિરમગામ, રાષ્ટ્રભાષા આર્ટસ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ, એચ. કે. આર્ટસ કૉલેજ, અમદાવાદ, એચ. કે. કૉમર્સ કૉલેજ અને બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ : ઇન્સ્ટિ. ઑફ બિઝનેશ ઍડ્મિનીસ્ટ્રેશન, અમદાવાદ, સી. યુ. શાહ સીટી કૉમર્સ, અમદાવાદ નો સમાવેશ થાય છે.

❑

## બી. ડી. આર્ટસ કોલેજ

ગુજરાત યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા નિમિત્તે બી.ડી. આર્ટસ કૉલેજમાં તા. ૧૮-૧૧-૨૦૦૬ના રોજ સવારે ૯-૩૦ વાગે ડૉ. શશીબેન વાણીએ 'નવજાત શિશુની સંભાળ' વિષય પર માહિતીસભર વ્યાખ્યાન આપ્યું. અમારી સંસ્થાના ગૃહવિજ્ઞાન વિભાગે આ આયોજન કર્યું હતું. ડૉ. વાણીનો પરિચય ગૃહવિજ્ઞાન વિભાગના વડા ડૉ. અંબરબેન ત્રિવેદીએ આપ્યો હતો અને પુષ્પગુચ્છથી સ્વાગત આચાર્યા ડૉ. ગીતાબેન મહેતાએ કર્યું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. મંદાકિનીબેન ત્રિવેદી એ કર્યું.

કૉલેજની બહેનોને બાળકના જન્મ પહેલાંની માતાની સંભાળ અને માતાનું દૂધ આરોગ્યવર્ધક છે - તેનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. બાળમરણની સૂક્ષ્મ આંકડાકીય માહિતી સ્લાઈડ શો દ્વારા આપી, બહેનોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના ઉપાયો પણ સમજાવ્યા.

દિવાળી વેકેશન દરમિયાન પીરાણા મુકામે ડૉ. અંબરબેન ત્રિવેદીએ ગુજ.યુનિ. વ્યાખ્યાનમાળા અંતર્ગત 'અપ્રચલિત ધાનનું મહત્ત્વ' વિષય પર અને પ્રા. બાબુભાઈ પટેલિયાએ 'સહકારી પ્રવૃત્તિઓમાં મહિલાઓનો ફાળો' વિષય પર વ્યાખ્યાન આપી ગ્રામ્ય મહિલાઓની જાગૃતિ વધારી.

**(પ્રા. મંદાબેન ત્રિવેદી)**

## સેમિનાર



**તેરાપંથી મહીલા મંડળના સહયોગથી BKMIBA-HLBBAના Women's development Cellનો સેમિનાર.**

BKMIBA - HLBBA સ્નાતક સ્તરે સંચાલનનું શિક્ષણ આપતી ખ્યાતનામ સંસ્થા છે. વિદ્યાર્થીઓમાં આ જ સ્તરેથી સામાજિક જવાબદારીના ગુણોનું સિંચન થાય એ હેતુથી સમાજ સેવા સમિતિ (Social service forum) અને સ્ત્રીઉન્નતિ સમિતિ

(Collegiate Womens devlopment cell) કાર્યરત છે.

સ્ત્રી ઉન્નતિ સમિતિના કાર્યોના ભાગરૂપે ગત સપ્તાહમાં તારીખ ૫મી ઑક્ટોબર ૨૦૦૬ના રોજ તેરાપંથી મહિલા મંડળના સહયોગથી એક સેમિનારનું આયોજન કરાયું હતું. જેના અંતર્ગત ગર્ભપાત વિરોધી આંદોલન અને નારી સંતાનનાં જન્મને પ્રોત્સાહન આપે તેવી ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના મન પર અમિટ અસર છોડવામાં સફળ નીવડ્યો હતો. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સામાન્ય લાગતી આ પ્રક્રિયાની દારુણ હકીકત જાણી વિદ્યાર્થીઓ કંપી ઊઠ્યા હતા.

વિદ્યાર્થીઓને આધુનિક સંચાલનની સાથોસાથ સમાજને સ્પર્શતી સંગીન સમસ્યાઓ અંગે ઊંડાણપૂર્વક માહિતગાર કરવાનો સંસ્થાનો પ્રયાસ સફળ અને પ્રશંસનીય પુરવાર થયો હતો.

**(પ્રા. સંગીતા સાગર)**

❑

## પેટલાદ કૉલેજનું ગૌરવ

પેટલાદની શ્રીમતી એસ.આઈ.પટેલ ઇપ્કોવાલા કૉલેજ ઑફ કૉમર્સ તથા શ્રી આર. કે. પરીખ આર્ટસ ઍન્ડ સાયન્સ કૉલેજના એન.સી.સી. કેડેટ્સ સેલોટ મુકેશકુમાર અને ખરાદી દિલીપકુમાર બન્ને ગુજરાત ડાયરેક્ટરેટની થલસેના કેમ્પની ટીમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓએ દિલ્હીમાં ફાયરીંગ, ઓપ્ટીકલ અને મેપરીડિંગ જેવી વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. એન.સી.સી. કેડેટ્સ સેલોટ મુકેશકુમારે અગ્રેસર બનાવવા સિંહ ફાળો આપેલ છે. કૉલેજ પરિવાર અને પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને તેમની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવેલ છે. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા બન્ને કેડેટ્સને પ્રોત્સાહક ઈનામ તરીકે વ્યક્તિગત રૂ. ૧૦૦૦/-ની સ્કોલરશિપ જાહેર કરેલ છે.

❑

## ધોળકા કૉલેજના પ્રિન્સિપાલની વિદાય

ધોળકા આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય યોગેન્દ્રભાઈ સી. બુચે સ્વૈચ્છિક નિવૃત્તિ લેતા તેમના માનમાં કૉલેજ તથા એજ્યુકેશન સોસાયટી તરફથી વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. એજ્યુકેશન સોસાયટીના માનદ્‌મંત્રી કાનજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તેમજ અન્ય નિમંત્રિત આગેવાનો મહેમાનોની ઉપસ્થિતિમાં ગણેશ વંદનાથી સમારંભનો આરંભ કરવામાં આવ્યો હતો. શ્રીમતી આર. ડી. શાહ આર્ટસ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજના કાર્યકારી આચાર્ય કે. એસ. ઠાકરે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પરિચય આપ્યો હતો. ધોળકા એજ્યુકેશન સોસાયટીના માનદ્‌મંત્રીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેતા ભૂતપૂર્વ આચાર્ય બુચનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છથી સન્માન કરી સ્મૃતિચંદ્ર ભેટ આપ્યું હતું. તેમણે માનદ્‌મંત્રીઓને 'વિદ્યાર્થીઓના વિકાસ માટે' રૂ. ૧૧ હજારનો ચેક અર્પણ કર્યો હતો.

*

## યુવક મહોત્સવ ઈન્ટર ઝોનલ યુથ ફેસ્ટિવલમાં ધોળકા કૉલેજનો વિજય

ચાલુ વર્ષ યોજાયેલ યુવક મહોત્સવમાં ગુજરાત યુનિવર્સિટી ઇન્ટર ઝોનલ યૂથ ફેસ્ટિવલ સ્પર્ધામાં શ્રીમતી આર. ડી. શાહ આર્ટસ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજના ટી.વાય.બી.કૉમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી મોમીન હુસેન એમ. 'મોનો એક્ટીંગ' સ્પર્ધામાં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ છે, તેમજ આ જ કૉલેજના હિંદી વિભાગમાં ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. વંદના ડી. પગીએ 'કોલાજ'ની સ્પર્ધામાં સમગ્ર ગુજરાત યુનિ.માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. વૈશ્વિકરણ (ગ્લોબલાઈઝેશન) વિષયમાં આતંકવાદના પંજામાં સપડાયેલ વિશ્વની સ્થિતિમાં 'ગાંધી મૂલ્ય' દ્વારા શાંતિનો સંદેશ સમાજને આપેલ છે. દક્ષિણ વિભાગમાં ખંભાત ખાતે આજ કૉલેજ કુલ ચાર સ્પર્ધાઓમાં વિજય પ્રાપ્ત કરેલ, જેમાં કોલાજ વિભાગમાં વંદના ડી. પગીએ પ્રથમ સ્થાન મેળવેલ છે. પોસ્ટર મેકીંગમાં પ્રજાપતિ સંજય એઈડ્સ જાગૃતિના વિષય પર પોસ્ટર તૈયાર કરેલ તેને પણ પ્રથમ સ્થાન મળેલ છે. કાર્ટૂનિંગ સ્પર્ધામાં પણ વંદના ડી. પગી પ્રથમ નંબરે વિજય પ્રાપ્ત કરેલ છે.

❑

## ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્ર

શેઠશ્રી ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનમાં તા. ૧૬-૧૧-૨૦૦૬ના રોજ 'ગુજરાત યુનિવર્સિટી વ્યાખ્યાન ૨૦૦૬-૦૭' યોજના અન્વયે ગુજરાતી સાહિત્યના બહુશ્રુત વિદ્વાન ડૉ. ભોળાભાઈ પટેલે 'બાણભટ્ટની કથા અને આત્મકથા' પર વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે સંસ્થા દ્વારા પ્રકાશિત 'ભારતીય દર્શનમાં આત્મતત્ત્વ તથા પરમાત્મતત્ત્વની વિભાવના (જૈન દર્શનના વિશિષ્ટ સંદર્ભમાં) અને 'સામીપ્ય' (પુ. ૨૩, અંક ૧-૨, એપ્રિલ-સપ્ટે. ૨૦૦૬) સામયિકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વળી હ. કા. આર્ટસ કૉલેજના આચાર્ય પ્રા. સુભાષભાઈ બ્રહ્મભટ્ટે પોતાના સ્પેનના શૈક્ષણિક પ્રવાસ દરમિયાન મેળવેલ રોમન સિક્કાઓ સંસ્થાના મ્યુઝિયમને ભેટ આપેલ, જે નિયામક ડૉ. રશ્મિકાન્ત મહેતા દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા.

સંસ્થાના નિયામક, ડૉ. રશ્મિકાન્ત મહેતાએ તા. ૨૧-૧૧-૨૦૦૬ના રોજ 'ભવભૂતિના જીવનદર્શન' વિષય પર હ. કા. આર્ટસ કૉલેજ પ્રેરિત સંસ્કૃત અનુસ્નાતક વ્યાખ્યાનમાળા 'સંસ્કૃત સાહિત્યકારોના જીવનદર્શન' અંતર્ગત વ્યાખ્યાન આપ્યું હતું.

સંસ્થાના વરિષ્ઠ અધ્યાપક, ડૉ. આર. ટી. સાવલિયાના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૬ દરમિયાન પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર સાત વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન આપવા બદલ ગુજરાત ઇતિહાસ પરિષદના મા. આબુ મુકામે તા. ૨ અને ૩ ડિસે. ૨૦૦૬ના રોજ યોજાયેલ અધિવેશન પ્રસંગે તેઓશ્રીને શાલ અને પ્રમાણ-પત્ર અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. ડૉ. સાવલિયાની આ સિદ્ધિ સંસ્થાને માટે ગૌરવરૂપ છે.

સ્વાતંત્ર્ય ભારતની આઝાદી માટેની પ્રથમ લડતની ૧૫૦મી જયંતિ વર્ષ-૨૦૦૭ની ઉજવણી માટે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મહાનુભાવોની રાજ્યકક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ છે. સદર સમિતિના સદસ્ય તરીકે સંસ્થાના વરિષ્ઠ અધ્યાપક ડૉ. આર. ટી. સાવલિયાની નિયુક્તિ કરવામાં આવી છે.

❑

## વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન

તા. ૧૧-૮-૦૬ના રોજ ક્વીઝ કોમ્પીટેશન કાર્યક્રમમાં પ્રથમ સમગ્ર કોલેજના ૧૧૩ પ્રશિક્ષણાર્થીઓ લેખિત સ્પર્ધામાં ભાગ લઈ અંતે ૧૫ સ્પર્ધકો વચ્ચેની સ્પર્ધામાં નિલેશ રાઠોડ, ચેતન પટેલ અને ક્રિષ્ણા ઠાકર વિજેતા જાહેર થયા. સંચાલન શ્રી દિપક મકવાણાએ કર્યું હતું. પ્રિ. (ડૉ.) હરીશ તપોધને અભિનંદન પાઠવ્યા હતા.

૧૫મી ઑગસ્ટ - સ્વાતંત્ર્ય દિને ભગીની સંસ્થા વિવેકાનંદ પી.ટી.સી. કોલેજના સંયુક્ત ઉપક્રમે પ્રિ. (ડૉ.) હરીશ તપોધને ધ્વજવંદન કરાવ્યું હતું. પ્રિ. મનહરભાઈ વાળંદ (PTC કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા.


તા. ૨૬-૮-૦૬ના દિને 'શિક્ષકની પ્રતિબદ્ધતા' ઉપર પ્રિ. નટુભાઈ રાવલનું (પૂર્વ ડીન, શિક્ષણ વિદ્યાશાખા, ગુજ.યુનિ.) શૈક્ષણિક વ્યાખ્યાન યોજાયું હતું. શિક્ષકધર્મની સાંપ્રત પરિસ્થિતિ સાથે વિશદ્ છણાવટ કરી હતી. પ્રા. પારૂલબેને સ્વાગત તેમજ પ્રિ. હરીશ તપોધને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

તા. ૨૬-૮-૦૬ના રોજ જ પૂર્વ પ્રશિક્ષણાર્થીઓની સામાન્ય સભામાં નવા વ્યવસ્થાપક મંડળની રચના થઈ હતી.

પાંચમી સપ્ટેમ્બર, શિક્ષક દિનની ઉજવણી સ્વયં શિક્ષણદિન તરીકે કરી હતી. આચાર્ય તરીકે ભાવિન પરીખે ભૂમિકા-સંચાલન કર્યું અને અન્ય તાલીમાર્થીઓએ અધ્યાપકની જવાબદારી અદા કરી હતી.

ગુજરાત યુનિવર્સિટી - શહેર વિસ્તારના ૧૧-૧૨ સપ્ટેમ્બરના યુવક મહોત્સવમાં વિવિધ કુલ ૧૫ સ્પર્ધાઓમાં ૨૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. અને (૧) ક્વીઝ કોમ્પીટેશન (૨) ચર્ચાસભા અને (૩) શોભાયાત્રાના કાર્યક્રમમાં શ્રેષ્ઠ દેખાવ - ઈનામ પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું હતું.

તા. ૧૪-૧૧-૨૦૦૬થી ૨૬-૧૧-૨૦૦૬ દરમિયાન સમગ્ર કોલેજે 'સાક્ષરદીપ કાર્યક્રમ' મહોત્સવ તરીકે ઉજવ્યો. સરખેજ ગામના વિવિધ વિસ્તાર પ્રમાણે ૩૨ કેન્દ્રોમાં ૧૮થી ૩૫ વર્ષના વયજૂથના ૪૬૩ બહેનો તેમજ ૧૦૬ ભાઈઓ લાભાર્થીને સાક્ષર બનાવ્યા હતા. સરખેજ ગામની ચાર શાળાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો. ઉદ્ઘાટન સમારંભમાં શ્રી કે. કે. રાઠોડ (D.E.O. અમ. ગ્રામ્ય), શ્રી મૂકેશભાઈ પટેલ, શ્રી એ. કે. ભરવાડ, શ્રી મહેતા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં કેન્સર જાગૃતિ અને વ્યસનમુક્તિ પ્રદર્શન યોજ્યું હતું. જનજાગૃતિ રેલી પણ યોજી ગ્રામજનોને જાગૃત કર્યા હતા. સમાપન સમારોહમાં શ્રી મુકેશભાઈ, શ્રી પ્રિ. (ડૉ.) દુષ્યન્તભાઈ શુક્લ, પ્રો. (ડૉ.) આર. એસ. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.




**(સાક્ષરદીપ કાર્યક્રમ - સમાપન સમારોહમાં પ્રવચન કરતા પ્રિ. (ડૉ.) દુષ્યન્તભાઈ શુક્લ (ચૅરમૅન - બોર્ડ ઓફ સ્ટડીઝ - ગુજ. યુનિ.) પ્રિ. (ડૉ.) હરીશભાઈ તપોધન, પ્રિ. મનુભાઈ પટેલ, પ્રિ. ઈન્દ્રવદન મહેતા, શ્રી મુકેશભાઈ પટેલ)**

સાક્ષરદીપ કાર્યક્રમમાં વિવેકાનંદ કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ અક્ષરજ્ઞાન આપતા દૃશ્યમાન છે.

❑

# કેમ્પસ ન્યૂઝ

## વિમેન્સ ડેવલપમેન્ટ સેલ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત 'સ્ત્રીઓ અને કાયદો' વિષયક વક્તવ્યનો સંક્ષિપ્ત અહેવાલ




**'સ્ત્રીઓ અને કાયદો' વિષયની વિષદ વિવેચના કરતા ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી પરિમલ ત્રિવેદી દૃષ્ટિગોચર થાય છે.**

વિમેન્સ ડેવલપમેન્ટ સેલ, ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સેનેટ હૉલ ખાતે બપોરે ૪ થી ૫-૩૦ દરમિયાન 'સ્ત્રીઓ અને કાયદો' એ વિષય અંતર્ગત જાણીતા ધારાશાસ્ત્રી અને પૂર્વ સરકારી વકીલ શ્રી અરૂણ ઓઝાના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તવ્યનો મુખ્ય હેતુ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોની CWDCના કન્વીનરો અને વિદ્યાર્થિનીઓમાં કાયદા અંગેની સમજ અને જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમના આરંભે WDCનાં નારી ગૌરવ ગાનની પ્રસ્તુતિ બાદ WDCના ચેર પર્સન ડૉ. રંજના હરીશે આમંત્રિત મહેમાનોનો પરિચય આપી તેમનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ તેમણે કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી.

શ્રી અરૂણ ઓઝાએ સરળ અને લાક્ષણિક શૈલીમાં નારી વિષયક કાયદાઓની સમજ આપી હતી. WDCની પૉલિસી ઘડવામાં તેમણે આપેલ પ્રદાનની વાત કરીને તેમણે પૉલિસી વિષયક સમજણ પણ આપી હતી. પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, 'આવા કાયદાની સમજ આપતી પુસ્તિકા અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તૈયાર કરવી જોઈએ, તેમજ શ્રી ઓઝા સાહેબને કાયદાકીય પ્રશ્નોત્તરીના કાર્યક્રમ અંતર્ગત આમંત્રિત કરવા જોઈએ.' પ્રવચન બાદ પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની આભારવિધિ WDCના મેમ્બર સેક્રેટરી સુશ્રી વૈશાલી પઢિયારે કરી હતી.

**(ડૉ. રૂપાલ બર્ક**
કન્વીનર, WDC,
સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય)



Mr. El Sayed Mekkawi Zaki, Senior lecturer, History Deptt; Minubyic University, Egypt visited VC's office on 6th Dec, 2006 to discuss collaboration between GU & Minubyic University, Egypt so that International student's number from West Asia & North African Countries can increase.

The Academic cooperation possibilities between the two Universites were also disussed.

જેને પોતાની પાસે છે, તેનાથી સંતોષ નથી તેને પોતે ઇચ્છે તે મેળવશે તોપણ કદી સંતોષ નહીં થાય.

**- સોક્રેટીસ**

# ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટર

## પૂર આવે તે પહેલા પાળ બાંધો
## વર્ષમાં એક વખત જરૂરથી નીચેની તપાસ કરીલો / કરાવી લો

| | | |
|---|---|---|
| ૧. નવજાત શિશુથી ૧૦ વર્ષના બાળકો | - | હીમોગ્લોબીન (લોહીની ટકાવારી) બ્લડગ્રુપ શારીરિક માનસિક વિકાસ-વેક્સીન (રસી) પેશાબની તપાસ. |
| ૨. ૧૧ વર્ષથી ૧૬ વર્ષ | - | ઉપર (૧) પ્રમાણે - ઉપરાંત કોઈ કાઉન્સીલીંગની જરૂરત છે ? તથા આંખની તપાસ નંબર માટે |
| ૩. ૧૭ વર્ષથી ૨૫ વર્ષ | - | ઉપર (૨) પ્રમાણે - ઉપરાંત બ્લડપ્રેશરની તપાસ |
| ૪. ૨૬ વર્ષથી ૩૫ વર્ષ | - | ઉપર (૩) પ્રમાણે - ઉપરાંત સીરમ કોલેસ્ટ્રોલની તપાસ |
| ૫. ૩૬ વર્ષથી ૪૫ વર્ષ | - | ઉપર (૪) પ્રમાણે - ઉપરાંત બ્લડસુગર, કાર્ડીયોગ્રામ (બહેનોમાં ગાયનેક ચેકઅપ-જરૂરી કેસમાં પેપસ્મીઅર) |
| ૬. ૪૬ વર્ષથી ૫૫ વર્ષ | - | ઉપરોક્ત (૫) પ્રમાણે - ઉપરાંત ભાઈઓમાં પ્રોસ્ટેટ-બહેનોમાં પેપસ્મીઅર-જરૂરી કેસમાં પ્રોક્ટોસ્કોપી ઝામરની તપાસ |
| ૭. ૫૬ વર્ષથી ૬૫ વર્ષ | - | ઉપરોક્ત (૬) પ્રમાણે - ઉપરાંત ઝાડાની તપાસ-સીરમ ક્રીએટીનીન પ્રોસ્ટેટ માટે (પી.એસ.એ) પ્રોક્ટોસ્કોપી અને સીગ્મોઈડોસ્કોપી (જરૂર પડે તો) |
| ૮. ૬૬ વર્ષ ઉપરાંત | - | ઉપરોક્ત (૭) પ્રમાણે અને ચક્ષુદાન અંગે માહિતી મેળવો. |

- બ્લડગ્રુપ ફક્ત એક વખત કરાવવું જરૂરી છે. -

(આ સઘળી બાબતો માટે ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટરનો સંપર્ક સાધશો. ટે.નં. ૨૬૩૦૦૧૨૪)

❑

સૌ શૈક્ષણિક અને વહીવટી કર્મચારી ભાઈ-બહેનો

આપે મેડીકલ ચેકઅપ ગત વર્ષ દરમ્યાન ના કરાવ્યું હોય તો કરાવરાવી લેવા વિનંતી છે.

આ ચેકઅપ શનિવાર-રવિવાર અને જાહેરરજા સિવાય રોજ થાય છે, શક્ય હોય તો ટેલીફોન કરી આવવું ટેલીફોન : ૨૬૩૦૦૧૨૪

કાયમી કર્મચારીનાં માતા-પિતા પણ આ ચેકઅપનો લાભ લઈ શકશે.

આભાર સહ,

ડૉ. એમ. પી. ભટ્ટ

(R.M.O.)

❑

# અહેવાલ

## હેવાલ : ગુજરાત યુનિવર્સિટીના ૫૮મા સ્થાપના દિનની ઉજવણી : સાંસ્કૃતિક મહોત્સવ – ૨૦૦૬

તા. ૨૩-૧૧-૨૦૦૬ ના રોજ ગુજરાત યુનિવર્સિટીએ પોતાના ઝળહળતાં ૫૭ વર્ષ પૂર્ણ કરી ૫૮મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો.

આ પ્રસંગે સેનેટ હોલ ખાતે માનનીય કુલપતિ શ્રી ડૉ. પરિમલ ત્રિવેદી અને કુલસચિવ શ્રી અરવિંદભાઈ ભાંડારીની ઉપસ્થિતિમાં એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર યુનિવર્સિટી પરિવાર - સિન્ડીકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, એકૅડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓ અને શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઘણાં લાંબા અંતરાલ બાદ યુનિવર્સિટીના સ્થાપના દિન નિમિતે માત્ર રજા આપીને ઉજવણી કરવાને બદલે યુનિવર્સિટી પરિવારના સભ્યોમાં સંઘભાવના વિકસે તેવા ઉમદા વિચાર સાથે માનનીય કુલપતિશ્રીએ એક સુંદર કાર્યક્રમનો પ્રસ્તાવ રજૂ કર્યો.

આ કાર્યક્રમ માટે મુખ્ય સંકલન સમિતિમાં કુલસચિવ શ્રી અરવિંદભાઈ ભાંડારી, શ્રી મિનેષભાઈ શાહ, શ્રી બળદેવભાઈ પટેલ, શ્રી રમણભાઈ પટેલ, શ્રી એચ. એમ. વોરા, શ્રી યુ.સી.પાંડે, શ્રીમતી વૈશાલી પઢિયાર અને શ્રીમતી સોનલબેન પંડ્યાએ પોતાનું યોગદાન આપ્યું.

કાર્યક્રમની શરૂઆત શ્રી હેમંત ભોજક દ્વારા ગણેશ સ્તુતિથી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના મુખ્ય સંચાલક તરીકે શ્રી રોહન શાહ અને શ્રીમતી ફ્રાન્ક કિલયોપેટ્રાએ અસ્ખલિત કામગીરી નિભાવી હતી. કુલપતિ શ્રી ડૉ. પરિમલ ત્રિવેદી અને કુલસચિવ શ્રી અરવિંદભાઈ ભાંડારીએ મંચ પર સરસ્વતી દેવીની છબી સમક્ષ દીપ-પ્રાગટ્ય કર્યું તે સાથે જ શ્રીમતી પ્રાપ્તિ દામા, શ્રીમતી મેધા જોષી અને કુ. સોનુ પટેલના મધુર કંઠે સરસ્વતી વંદના અને પ્રાર્થના દ્વારા સમગ્ર સંકુલમાં મંગલમય વાતાવરણ સર્જિત થયું હતું.

કુલસચિવ શ્રી અરવિંદભાઈ ભાંડારીએ મા. કુલપતિશ્રીનું ખાદીનો રૂમાલ અને ગુલાબ દ્વારા સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રીએ આ દિવસને ગુજરાતના શિક્ષણ જગતમાં પરિવર્તક સોનેરી દિવસ તરીકે ગણાવીને ગુજરાત યુનિવર્સિટીના સૌ પ્રથમ સ્વપ્નદૃષ્ટા એવા શ્રી આનંદશંકર ધ્રુવ તેમજ યુનિવર્સિટીના વિકાસમાં ફાળો આપનાર શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, મહાત્મા ગાંધી, શ્રી કસ્તૂરભાઈ, શ્રી કનૈયાલાલ મુનશી વગેરે મહાનુભાવોને યાદ કર્યા. તેમણે આ કાર્યક્રમમાં ભાગ લેનાર સૌ કર્મચારી મિત્રો-અધ્યાપક મિત્રોના પ્રયત્નને વધાવ્યો હતો અને ગુજરાત યુનિવર્સિટી સતત નવાં સોપાનો સર કરે તેવી મંગળ કામના કરી હતી.

કાર્યક્રમમાં પ્રો. વાય. ટી. જસરાય (બોટની), EMMRC અને રોલવાલા કમ્પ્યૂટર સેન્ટરના સંયુક્ત પ્રયાસો દ્વારા યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર અને કુલપતિ શ્રી ડૉ. પરિમલ ત્રિવેદી દ્વારા શરૂ કરવામાં આવેલ નવા અભ્યાસક્રમોની માહિતી દર્શાવતી દૃશ્ય-શ્રાવ્ય રજૂઆત કરવામાં આવી હતી.

ત્યાર બાદ યુનિવર્સિટી પરિવારના સભ્યો દ્વારા જૂના નવા પ્રચલિત ફિલ્મી ગીતોનો કાર્યક્રમ રજૂ થયો હતો : ભાગ લેનાર અધ્યાપકો - કર્મચારી મિત્રોમાં ડૉ. ડી. જે. પંચાલ (સાઈકોલોજી), ડૉ. પ્રણવ શ્રીવાસ્તવ (કૅમેસ્ટ્રી), ડૉ. એમ. એમ. મૈસૂરિયા (કૅમેસ્ટ્રી), શ્રી શ્રીકાન્ત વ્યાસ (સમાજવિદ્યા), શ્રી નીરવ રાવલ (ગ્રંથાલય), શ્રી જયદેવસિંહ ગોહિલ (એકાઉન્ટ ઑફિસર), શ્રી વીરેન્દ્ર ઓઝા (રોલવાલા), શ્રી દલસુખ વાઘેલા (ઝુઓલોજી), શ્રીમતી પ્રાપ્તિ દામા (ગ્રંથાલય), શ્રી હેમંત ભોજક (પરીક્ષા વિભાગ) અને શ્રી રોહન શાહ (મેથેમેટીક્સ)નો સમાવેશ થયો હતો. આ ઉપરાંત શ્રી પ્રણવ ત્રિવેદીએ (પરીક્ષા વિભાગ) એક પાત્રીય અભિનય ‘ક્યાં છે માણસ ?’ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ડે. રજિસ્ટ્રાર શ્રી એચ. એમ. વોરા અને શ્રી અજય સોની (સેનેટ સભ્ય)એ શ્રોતાગણને કેટલીક ગમ્મતની ક્ષણો આપી હતી. જ્યારે શ્રી રોહન શાહ, શ્રી નીરવ રાવલ અને શ્રી શૈલેષ મોદી (એકૅડેમિક વિભાગ) એ સ્કીટ રજૂ કરી હાસ્યરસનો પરિચય કરાવ્યો હતો.

અંતમાં, કુલસચિવ શ્રી અરવિંદભાઈ ભાંડારીએ એક નવો ચીલો ચિતરતા ‘આભારવિધિ’ને ‘શાબાશી વિધિ’ ગણાવીને ઉપસ્થિત સૌના મન જીતી લીધા હતા. તેમણે યુનિવર્સિટીના ઇતિહાસમાં પ્રદાન કરનાર શ્રી માવલંકર સાહેબ, શ્રી ઉમાશંકર જોષી વગેરે મહાનુભાવોને યાદ કર્યા હતા. સાથે આ સ્થાપના દિનના કાર્યક્રમનું બીજ વાવનાર આદરણીય કુલપતિશ્રીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સમગ્ર કાર્યક્રમના આરંભથી અંત સુધીની સફળ કામગીરી કરવા બદલ સર્વે કલાકારો, કર્મચારી મિત્રો તથા વિશેષ કરીને એસ્ટેટ વિભાગનો આભાર માન્યો હતો.

કાર્યક્રમની સમાપ્તિ રાષ્ટ્રગીતના સમૂહગાન સાથે થઈ હતી અને ત્યાર બાદ સમગ્ર પરિવારે સ્વરુચિ ભોજનનો આનંદ માણ્યો હતો.

(માહિતી સૌજન્ય : **શ્રી રોહન શાહ**)

## ગુજરાત યુનિવર્સિટી એરિયા એકાઉન્ટન્સી ટીચર્સ ઍસોસિયેશન દ્વારા આયોજિત પ્રથમ રાષ્ટ્રીય સેમિનાર




**ગુ.યુ. એરિયા એકાઉન્ટન્સી ટીચર્સ એસોસિએશન - પ્રથમ રાષ્ટ્રીય સેમિનાર - ઉદ્દ્ઘાટન સમારંભ**

ગુજરાત યુનિવર્સિટીનાં એકાઉન્ટન્સી વિષયના અધ્યાપકોના ઍસોસિયેશન દ્વારા તા. ૧૧- ૧૨ નવેમ્બર ૨૦૦૬ દરમ્યાન એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ મૅનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ ગાંધીનગર ખાતે બે દિવસનાં પ્રથમ રાષ્ટ્રીય કક્ષાનાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં દેશના જુદા જુદા રાજ્યોમાંથી આશરે ૩૫૦ અધ્યાપકો અને અન્ય વ્યવસાયી વ્યક્તિઓએ ભાગ લીધો.

સેમિનારનો મુખ્ય વિષય 'Emerging issues in Accounting, Taxation and Finance' હતો. સેમિનારનાં ઉદ્દ્ઘાટન પ્રસંગે ખાસ આમંત્રિત મહેમાન તરીકે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિએ કોર્પોરેટ જગતમાં બદલાયેલ પરિસ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે દૃશ્ય સાધનસંપત્તિનાં સ્થાને હવે અદૃશ્ય સાધનસંપત્તિ પોતાનું આગવું સ્થાન ઊભું કરી રહેલ છે તો તે સંદર્ભમાં એકાઉન્ટિંગ વિષયની જવાબદારીમાં વધારો કરે છે, તે અંગેનો ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે સર્વવિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન અને સમારંભના અતિથિવિશેષ શ્રી માણેકભાઈ પટેલે ઍસોસિયેશનની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેની સભાનતા અંગે ખુશી વ્યક્ત કરી અને સેમિનારની સફળતા અંગે શુભેચ્છાઓ પાઠવી. સમારંભના મુખ્યમહેમાન અને ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ શ્રી પી. પનીરવેલ સાહેબે એકાઉન્ટિંગ, ફાઈનાન્સ અને ટેક્ષેશન વિષય અંગેની નૈતિક જવાબદારીઓ અંગે પોતાના વિચારો રજૂ કર્યા અને તે અંગે અધ્યાપકોને સંશોધન કરવા સૂચન કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીએ તેમના સંદેશામાં આજના ઉદારીકરણના સમયમાં સેમિનારનાં શીર્ષકની યથાર્થતા અંગે પ્રકાશ પાડ્યો અને જણાવ્યું કે આ સેમિનારનાં કારણે અધ્યાપકો દ્વારા રજૂ થનારા સંશોધન લેખો સમાજને ઉપયોગી નીવડશે.

ઍસોસિયેશનનાં પ્રમુખશ્રી અને સેમિનાર ડાયરેક્ટર પ્રો. એસ. એસ. શાહે ઍસોસિયેશન અંગેની અને તેના દ્વારા કરવામાં આવતી જુદી જુદી પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ સેમિનારનાં આયોજન તેમજ તે અંગેની નાણાકીય સહાય મેળવવામાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. સેમિનારનાં ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી અને ઍસોસિએશનનાં સહમંત્રી પ્રો. એચ. સી. સરદારે સેમિનાર અંગેની વિગતવાર માહિતી આપી. ઉદ્દ્ઘાટન સમારંભ અંગેની આભારવિધિ સેમિનારનાં અન્ય ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી અને ઍસોસિયેશનના મંત્રી પ્રો. એન. વી. સૂચક દ્વારા કરવામાં આવી હતી.

આ સેમિનારનાં પ્રથમ શૈક્ષણિક સત્ર દરમિયાન એકાઉન્ટિંગ વિષય પર ચર્ચા થઈ. જેમાં કુલ ૨૦ સંશોધન લેખો અધ્યાપકો દ્વારા રજૂ થયા. આ ચર્ચા સભામાં પ્રમુખ સ્થાને ભાવનગર યુનિ.ના ભૂતપૂર્વ કુલપતિશ્રી પ્રો. બી. કે. ઓઝા, ઉપપ્રમુખ સ્થાને સૌરાષ્ટ્ર યુનિ.ના કૉમર્સ ફેકલ્ટીના ડીન અને મૅનેજમેન્ટ વિભાગના અધ્યક્ષશ્રી પ્રતાપસિંહ ચૌહાણ, હાજર રહ્યા હતા. વિષયના નિષ્ણાત તરીકે ઇન્ડિયન જર્નલ ઑફ એકાઉન્ટિંગના મુખ્ય તંત્રી અને વિક્રમયુનિ. ઉજ્જૈનનાં મૅનેજમેન્ટ વિભાગના પ્રોફેસર ડૉ. નાગેશ્વર રાવે પોતાના વિચારો સભા સમક્ષ મૂક્યા હતા.

સેમિનારનાં દ્વિતીય ચરણમાં ફાઈનાન્સ વિષય પર કુલ ૨૨ સંશોધન લેખો અધ્યાપકો દ્વારા રજૂ કરવામાં આવેલ હતા. આ ચર્ચા સભાના પ્રમુખ સ્થાને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટના સ્થાપક અને મુખ્ય તંત્રી ડૉ. જે. ડી. અગ્રવાલ, ઉપપ્રમુખ સ્થાને એસ.ડી.સ્કૂલ ઓફ કૉમર્સના પ્રો. બી. વી. પાઠક અને સભાના વિષય નિષ્ણાત તરીકે IIM અમદાવાદના પ્રો. શૈલેશ ગાંધી દ્વારા ફાઈનાન્સ વિષયના નવા વિકસતા ખ્યાલો અને સંશોધનના જુદા જુદા ક્ષેત્રો અંગે માહિતી આપી.

છેલ્લાં શૈક્ષણિક ચરણમાં ટેક્ષેશન વિષય ઉપર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ વિષય પર કુલ ૯ લેખો અધ્યાપકો દ્વારા રજૂ થયા હતા. આ સભાના પ્રમુખસ્થાને અમદાવાદનાં જાણીતાં અને આંતરરાષ્ટ્રીય ટેક્ષ કન્સલટન્ટ શ્રી મુકેશભાઈ પટેલ હતા, ઉપપ્રમુખ તરીકે પ્રો. એસ. ડી. શાહ, ખાસ વક્તા તરીકે એસ.ડી. સ્કૂલ ઓફ કૉમર્સના અધ્યક્ષ પ્રો. એચ. એસ. ઓઝા અને વિષય નિષ્ણાત તરીકે જાણીતા ધારાશાસ્ત્રી શ્રી સૌરભ સોપારકર દ્વારા ટેક્ષેશન અંગેની ગૂંચો - વિસંગતતાઓ અને મુશ્કેલ બાબતો અંગે સ્પષ્ટતાઓ કરવામાં આવી.

સેમિનારનાં સમાપન સમારંભના ખાસ મહેમાન ગુજ.યુનિ.ના કુલસચિવ ડૉ. અરવિંદ ભાંડારી દ્વારા સેમિનારના વિષય અને તેનાં આયોજન ને ખાનગીકરણનાં સમયમાં ખૂબ જ સુસંગત અને ઉપયોગી યોગદાન ગણાવેલ હતું. યજમાન સંસ્થાના ચૅરમૅન અને સમારંભના અતિથિવિશેષ ડૉ. કનુભાઈ પટેલે જણાવ્યું કે સેમિનારનું આયોજન શૈક્ષણિક ઉપયોગિતાવાળું છે. તેમની સંસ્થામાં આ રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર પછી આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિનારનાં આયોજન અંગે આમંત્રણ આપવામાં આવ્યું. સમારંભના પ્રમુખસ્થાને ગુજરાત સરકારનાં નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ, આયોજન (સ્વતંત્ર હવાલો)ના મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ સમારંભમાં હાજર રહી શક્યા ન હતા. તેમણે તેમનાં સંદેશામાં જણાવ્યું કે ઉદારીકરણના સમયમાં ધંધાકીય વ્યવહારો મુશ્કેલ બને છે અને તેનાં સરળીકરણ અંગેની જવાબદારી એકાઉન્ટિંગ, ફાઈનાન્સ અને ટેક્ષેશનના અધ્યાપકોની છે.

આ સેમિનારનાં ત્રણેય વિષયનાં રજૂ થયેલ સંશોધન લેખોમાંથી એક ઉત્કૃષ્ટ લેખની પસંદગી કરવામાં આવી હતી. ઉત્કૃષ્ટ લેખ અંગે ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

પ્રો. વી. ચારીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને યજમાન સંસ્થાના ચૅરમૅન શ્રી માણેકભાઈ પટેલ, શ્રી કનુભાઈ પટેલ, પ્રો. ચિન્નમ રેડ્ડી, પ્રો. જયેશ તન્ના અને સર્વવિદ્યા કેળવણી મંડળના દરેક સભ્યોની સેવાઓની નોંધ લીધી હતી અને તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

❑

## ગુજરાત યુનિવર્સિટી તથા ભારતીય રેડક્રોસ સોસાયટી

### ૧લી ડિસેમ્બર, ૨૦૦૬ - વિશ્વ એઇડ્ઝ દિન નિમિત્તે 'રેડ રિબન ક્લબ' તેમજ 'બ્લડ ડોનર મિશન ૨૫/૨૫'

**શુભારંભ કાર્યક્રમ અહેવાલ**

વિશ્વભરમાં પ્રતિવર્ષ ૧લી ડિસેમ્બર 'વિશ્વ એઇડ્ઝ દિન' તરીકે ઉજવવામાં આવે છે, તેમજ આ નિમિત્તે 'HIV AIDS'ના જીવલેણ રોગનો અસરકારક પ્રતિકાર કરવાના સંદર્ભમાં અનેકવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. આ સંદર્ભમાં સ્વૈચ્છિક રક્તદાન દ્વારા સલામત તેમજ તંદુરસ્ત બ્લડ ટ્રાન્સફ્યુઝન અનેરું મહત્ત્વ ધરાવે છે.

ભારતીય રેડક્રોસ સોસાયટી તેમજ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૨૦૦૬ના વિશ્વ એઇડ્ઝ દિન નિમિત્તે 'HIV AIDS'નો મક્કમ સામનો કરવાના નિર્ધારના પ્રતિકરૂપ 'રેડ




**ગુ.યુ. તથા ભારતીય રેડક્રોસ સોસાયટી દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ગુ.યુ.ના ચાન્સેલર માનનીય શ્રી નવલકિશોર શર્માજી તથા વાઈસ ચાન્સેલર શ્રી પરિમલ ત્રિવેદી અન્ય મહાનુભાવો સાથે.**

રિબન ક્લબ'ની સ્થાપના, તેમજ ૧૮ વર્ષની વયથી જ શરૂ કરીને પ્રતિવર્ષ ત્રણથી ચાર નિયમિત રક્તદાન દ્વારા ૨૫ વર્ષની વયે પહોંચતા ૨૫ રક્તદાનની સિદ્ધિ હાંસલ કરવાનો સંકલ્પ કરવા માટે નવયુવાનોને પ્રેરણા આપતા 'બ્લડ ડોનર મિશન ૨૫/૨૫'નો શુભારંભ કરવા માટેના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિએશન ખાતે, યોજાયેલા આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન ગુજરાતના રાજ્યપાલશ્રી તથા ગુજરાત યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી માનનીય પંડિત નવલકિશોર શર્માજીએ સંભાળ્યું હતું. અતિથિવિશેષપદે આરોગ્યમંત્રી શ્રી અશોક ભટ્ટ તથા મુખ્ય અતિથિ તરીકે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

માનનીય કુલપતિશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આજે ૨૧મી સદીમાં જે હરણફાળ ભરી રહ્યા છીએ ત્યારે કેટલીક એવી સમસ્યાઓ ઊભી થઈ છે કે જો તેના પ્રત્યે ઉપેક્ષા સેવીશું તો તે આપણને ભરખી જશે અને એક એવી સમસ્યા કે પડકાર છે - એક ખતરનાક અને જીવલેણ વ્યાધિ - HIV/AIDS. આ સંદર્ભે મળતી માહિતી ચોંકાવનારી છે અને મૂક વિચારશીલ નાગરિકે તે અંગે સભાનતા કેળવવી જરૂરી છે. વૈશ્વિક સંદર્ભે HIV Infectionનો દર ભારતમાં ૧/૯ છે અને ૯૨ ટકા ૧૫ થી ૫૦ વર્ષની ઉંમરની પ્રજા તેનાથી અસરગ્રસ્ત છે. ફક્ત પાંચ વર્ષનાં ગાળામાં ૪ ટકા થી ૨૩ ટકા સુધીનો ફેલાવો દક્ષિણ આફ્રિકામાં થયો અને જે બતાવે છે કે આનો ચેપ વીજળીવેગે અન્ય રાષ્ટ્રોમાં ફેલાયો અને ભારત પણ તેના સકંજામાં આવી ગયું છે.

આ રોગ જે ઝડપે ભયજનક રીતે ભારતમાં ફેલાઈ રહ્યો છે તે જોતાં તેની સામાજિક અને આર્થિક વિકાસ ઉપર ઘણી મોટી અસરો પડશે અને તેથી આ પ્રશ્નને ફક્ત સ્વાસ્થ્યનાં દૃષ્ટિકોણથી જ ન જોતાં વિકાસનાં માર્ગમાં અવરોધ તરીકે

જોવો પડશે.

જો તેને કાબૂમાં લેવામાં ન આવે તો આર્થિક વિકાસમાં જેમનો મહત્તમ ફાળો છે તેવા વર્ગને આ વ્યાધિ લગભગ નામશેષ કરી નાંખશે.

આ દિશામાં યુવાનોમાં જાગૃતિ લાવવામાં અને HIV/AIDSથી બચવા શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા મહત્ત્વની બની જાય છે. વૈશ્વિકરણ, અજ્ઞાન અને પ્રચાર-પ્રસાર માધ્યમોની અસરને કારણે યુવાનો તેનો શિકાર બની રહ્યા છે. જેમ કહેવાય છે કે Prevention is better than cure એ રીતે, યુવાનોને સ્વસ્થ lifestyle માટે પ્રોત્સાહિત કરવા જોઈએ અને રક્તદાન માટે પ્રેરણા આપવી જોઈએ. જેને પરિણામે સલામત રક્ત માટેનો માર્ગ મોકળો થાય. 'Unsafe blood'નું ટ્રાન્સમિશન આ રોગને નોતરું આપે છે. અને આ સંદર્ભમાં 'રાષ્ટ્રીય એઈડ્ઝ નિવારણ સંસ્થા' અને ભારતીય રેડ ક્રોસે સક્રિય બની અભિયાન શરૂ કર્યું છે અને તેનાં ભાગ રૂપે 'રેડ રિબિન ક્લબ'ની સ્થાપના શાળા-કૉલેજમાં શરૂ કરવાની દિશામાં પહેલ કરી છે.


સરકાર પણ ફક્ત મૂકપ્રેક્ષક બની ન રહેતા આ દિશામાં સક્રિય રહી છે અને તે વાતની પ્રતીતિ આજે થઈ રહી છે કે આપણી વચ્ચે રાજ્યનાં રાજ્યપાલ મહામહિમશ્રી નવલકિશોરજી અહીં ઉપસ્થિત થયા છે. આ બતાવે છે કે સરકાર પણ HIV/AIDSનાં જોખમો અને તેનાથી નિષ્પન્ન થનારાં પરિણામોથી ચિંતિત છે અને તેને અટકાવવા કટિબદ્ધ થઈ છે.'

❑

# 25th Annual Conference of Gujarat Statistical Association

Statistical tools and techniques have a very wide horizon for applications. The Science of Statistics has made inroads into almost all theoretical and applied field. With a view to establish liasion among the different disciplines, Gujarat Statistical Association was established way back in 1969 under the able leadership of Late Prof. C. G. Khatri - The Former Head, Department of Statistics, Gujarat University. The Association is a registered Public Trust having more than 500 Life members.

The 25th Annual Conference of Gujarat Statistical Association (GSA) was held on 14th, 15th October, 2006 at B. P. College of Computer Studies, GH-6 Road, Sector-23, Gandhinagar. Approximately 300 delegates participated in the conference including Statisticians from teaching field, Government organisation, industries and students. The conference was fortunate enough to be inaugurated by His Excellency the Governor of Gujarat




**25th Annual Conference of Gujarat Statistical Association is Ingurated by Shri Naval Kishor Sharma, Chancellor, Gujarat University.**

State and the Chancellor of Gujarat University - Honourable Shri Nawalkishore Sharmaji and with the gracious presence of the Vice Chancellor of Gujarat University - Dr. Parimal Trivedi.

In the inaugural function the Organising Secretary Prof. S. Chinnam Reddy gave welcome speech, Dr. Rajshri G. Bhatt - Secretary of Gujarat Statistical Association gave information regarding Gujarat Statistical Association and its activities. The Presidential Speech was presented by Prof. J. C. Shah - President of Gujarat Statistical Association. Shri Maneklal Patel - Chairman Sarva Vidyalaya Kelvani Mandal and Dr. Parimal Trivedi - Vice Chancellor of Gujarat University addressed the house and blessed the conference. His Excellency - Governor of Gujarat State and the Chancellor of Gujarat Universtity honourable Shri Nawalkishor Sharmaji said that the present environment has given us tremendous opportunities for the expansion of the educational field. Our achievements in the Information Technology field show that we have wealth and treasure of talent in the form of hardworking youth whose mental and intellectual energies must now be channelized in the right direction. Let Educational Institutes be the temples of learning and research be a tool for expanding Horizons of knowledge and let knowledge be utilized for better quality of life for the common man.

Thirty Eight Research Papers were presented in Paper Reading Sessions. The eminent personalities from different parts of the country from theoretical & practical fields were invited for Nine Invited talks and Two Symposia. This conference provided an opportunity for intensive interactions among academicians, Researchers, Professionals and Student.

**(Dr. R. G. Bhatt)**

❑

## GUJARAT UNIVERSITY STUDY ABROAD PROGRAMME

Gujarat University, is starting a Semester in India program from Fall 2007.

The courses are designed keeping Indian and International scenario in mind. They offer a wide range of cultural, philosophical, traditional and contemporary knowledge and expose the students to this unique land called India.

### Study Abroad Program: Introduction

The goal of the Gujarat University Semester / Year Study Program is to offer foreign students the full breadth of Indian academics with a focus on Gandhian Philosophy, Indian mythology, culture, religions and traditons, languages, performing arts, Yoga, Business sciences and other disciplines.

Situated in the Land of Gandhi in Gujarat, the students will experience a cultural awakening in the world's largest democracy. In particular the program cansists of :

- A wide array of English-taught courses available for credits
- Field trips, excursions and cultural activities
- A thorough Orientation to the culture and academic experience
- Opportunity to build wonderful relationships
- Volunteerships and home stay

The coordinated activities, inexpensive fee and the engaging courses provide each student with the very best in exposing them to India.

### Academic Program

**SPECIALIZED COURSES**

1. Studies in Gandhian Philosophy 2. Artistic / cultural identities of India 3. Indian philosophy : back to future 4. Indian poetics 5. Studies in tribal culture of Gujarat 6. Yoga and meditation 7. Contexts of Indian business practices 8. Indian rural management skills 9. Indian languages / literature 10. Classical / folk dances of India 11. Journalism and public relations 12. Rangoli / Mehndi / music 13. Indian films and music 14. Indian Cuisine

Coordinator

**Dr. Neerja Arun**

M.A., M. Phil, Ph.D. in English Literature

**Program Dates : (DURATION 10 WEEKS)**

Fall : August - October (Deadline : February 1st)

Spring : December - February (Deadline : August 1st)

Cost in US$ : $5,550 / semester

**Experience Required :** no

**Age Limit :** Not below 18 years

**Contact**

Dr. Neerja Arun,

Coordinator, SAP, GU

Bhavan's College of Arts and Commerce,

Khanpur, Ahmedabad, India 380 001

Phone : +919825012984

Mail : aayusharun@yahoo.co.in URL : www.gujaratuniversity.org.in

## Special Courses for NRIs

A new meaning has emerged of the idea of geographical reach of a country as diasporic communities spread across the world. India has a diapospra which is 20 million strong and is to be found in almost every part of the world. There is an urge in NRIs to come closer to their country and understand it better.

To cater to this need Gujarat University presents a bouquet of courses to cater to the specialized needs of NRIs. It serves the wider goals of binding external relationships because cultural affinity provides a useful platform for other actions. It shall not only bring NRIs closer to India but shall also allow a meaningful role towards Indian economy.

The interested candidates have to choose any seven out of the following courses :

1. Indian Philosophy & Culture
2. Indian Cuisine
3. Religions of India & Traditions
4. Folk Art and Festivals
5. Indian Mythology
6. Gandhi
7. The Man and His Philosophy
8. Indian Films
9. Film Music
10. Yoga & Meditation
11. Art of Rangoli
12. Menhdi
13. Indian Literature
14. Home Stay in Indian Background

To get admission please send an application mentioning what promoted you to opt for these courses.

**Program dates :**

June 28 to July 18

Application deadline :

February 1st

Cost in US$ : $ 1500

Cost includes : ‘‘Housing and meals

"Tuition fees, registration fees,

$25 application fee

$ 100 entry deposit

**Contact**

Dr. Neerja Arun, Coordinator,

SAP, Gujarat University

Phone : +919825012984

Mail : aayusharun@yahoo.co.in

URL : www.gujaratuniversity.org.in

**Click to Download**

* Study Abroad Programme Brochure
* NRI Special Course Brochure
* Application Form
* Regulations
* Press Release

## લવાજમ

'વિદ્યાવૃત્ત'નું વાર્ષિક લવાજમ ૬૦ રૂપિયા છે. લવાજમ 'રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી'ના નામથી ડી.ડી.થી અથવા યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડેથી ભરી શકાશે. ચેક/એમ.ઓ. સ્વીકારાશે નહીં. કૉલેજો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને લવાજમ ભરી ગ્રાહક થવા અનુરોધ છે. વિદ્યાવૃત્ત અંગેની માહિતી મુખ્ય સંપાદક અથવા સંપાદક મંડળના અન્ય સભ્યોને મોકલી શકાય છે.

## 'વિદ્યા'

ગુજરાત યુનિ.ના સંશોધન સામયિક 'વિદ્યા'ના અંકો પ્રતિવર્ષ ૧૫ માર્ચ અને ૧૫ સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે. તેનું વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા છે. તે પણ ડી.ડી.થી કે રોકડેથી ભરી શકાશે. છૂટક નકલ યુનિ.ના કન્ઝ્યુમર્સ સ્ટોર્સમાંથી ૫૦ રૂપિયામાં મળી શકશે.

'વિદ્યા' અને 'વિદ્યાવૃત્ત'નું સંપાદકીય પત્રવ્યવહારનું સરનામું નીચે મુજબ છે :

**મુખ્ય સંપાદક :**
**ડૉ. રાજસી ક્લાર્ક**
ડિપાર્ટમેન્ટ ઓફ લેબર વેલ્ફેર,
સમાજવિદ્યા ભવન બિલ્ડિંગ,
ગુજરાત યુનિ. કૅમ્પસ,
અમદાવાદ ૩૮૦ ૦૦૯.
ફોન : (કાર્યાલય) ૬૫૪૪૩૨૩૭
Email : usssgu-07@vsnl.net

Book-post
Printed Matters

પ્રતિ શ્રી ______________________

______________________

______________________

______________________

પ્રેષક :
**ડૉ. અરવિંદ ભાંડારી**
*કુલસચિવશ્રી,*
ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રણસ્થાન : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧